10BGD5

# દાનીએલની
# વાર્તા



10BGD5



# દાનીએલની વાર્તા

દાનીએલ ૧-૨:૧૩

યહુદાહનો નાનો દેશ; દુનિયાને જીતવા માંગતી બે મહાન દેશજાતિઓ વચ્ચે સપડાઈ ગયો હતો. દક્ષિણ દિશાએથી, યહુદાહ સુધાં દરેક વસ્તુને કબ્જે કરતું મિસરનું સૈન્ય આગળ ધપી રહ્યું હતું. પૂર્વ દિશાથી બાબેલોનના લશ્કરની ટુકડીઓ ધપી રહી હતી. વહેલા કે મોડાં આ બંને સૈન્યો એકબીજા સાથે અથડાવાના હતાં.

કાર્કેમીશના યુધ્ધમાં આ સૈન્યો એકબીજા સાથે અથડાયાં, અને મિસરનો એવો પરાજય થયો કે ફરીથી તે હરગીજ વિશ્વસત્તા ધરાવનાર રાજ્ય બન્યું નહીં.

એ યુધ્ધ શાંત પડે એ પહેલાંજ, બાબેલોને યહુદાહના પાટનગર યરૂશાલેમને ઘેરો ઘાલ્યો અને યરૂશાલેમ શરણાગત થઈ ગયું. પરંતુ યહુદાહ ફરીથી બળવો ન કરે એની ખાતરી કરવા, બાબેલોનના માણસો, યહુદાહના સર્વોત્તમ યુવાન ઉમરાવોને બંદીવાન કરીને લઈ ગયા. ઉમરાવોના આ જુથમાં દાનીએલ નામનો એક યુવાન હતો. બાબેલોનમાં તેનું શું થયું એ પવિત્ર શાસ્ત્રના "દાનીએલ" ના પુસ્તકમાં વર્ણવેલું છે.


વાર્તાનો આરંભ આ રીતે થાય છે કે દાનીએલ તથા તેના ત્રણ મિત્રો, સાદ્રાખ મેશાખ તથા અબેદનગો, યરૂશાલેમથી ૭૦૦ માઇલની મુસાફરી કર્યા પછી બાબેલ (બાબેલોન) માં દાખલ થાય છે. (પ્રવેશ કરે છે)
દાનીએલ, તું શું ધારે છે? તેઓ આપણને શું કરશે?
સાદ્રાખ મને ખબર નથી. પરંતુ મને ખાત્રી છે કે દેવ આપણી સાથે છે.
નગરમાં પહોંચ્યા પછી તરત જ દાનીએલ તથા બીજા યુવાનોને નબુખાદનેસ્સાર રાજાના એક અમલદાર પાસે લાવવામાં આવે છે.
યરૂશાલેમમાંથી આવેલા ઉમરાવો તરીકે રાજાના દરબારમાં હોદ્દો મેળવવાની કોશિશ કરવાની તક આપવામાં આવશે. પરંતુ હું તમને ચેતાવું છું કે સૌથી ચાલાક અને સૌથી બળવાન હોય, તે જ અમારી પરિક્ષા પસાર કરી શકે.
કેટલાક દિવસો સુધી યુવાનોના શારીરિક બળ તથા માનસિક ચાતુર્યની કસોટી કરવા, પરિક્ષાઓ આપવામાં આવે છે.
આ છેલ્લી કસોટી છે. આવતી કાલ સુધીમાં તમે જાણશો કે કેટલા જણ ઉત્તીર્ણ થયા.
આપણે નાપાસ થઈએ તો શું?
અમે અમારાથી બનતું કર્યું છે—અમે એટલું જ કરી શકીએ.



બીજે દિવસે.....
તમે બધા પાસ (ઉત્તિર્ણ) થયા છો. હવે અમારા જ્ઞાની પુરુષોના હાથ નીચે અભ્યાસ કરવા તમને ત્રણ વર્ષ ની મુદત આપવામાં આવશે. ત્યાર પછી તેના સલાહકારો બનવા કોણ સૌથી વધારે લાયક છે. તેની પસંદગી રાજા પોતે કરશે
હે દેવ તમારી સ્તુતિ કરીએ છીએ. આ નવી કસોટીઓ પસાર કરવા અમારી સહાય કરો, જેથી તમે પ્રસન્ન થાઓ એ રીતે અમે રાજાને સલાહ આપીએ.
યુવાનો તરત જ પોતાનો અભ્યાસ આરંભી દે છે. તેઓને સર્વોત્તમ વસ્તુઓ - રાજાની મેજનો ખોરાક પણ આપવામાં આવે છે.
મહેરબાની, પરંતુ અમે આ ખોરાક ખાઈ શકતા નથી. તેમજ આ મદ્ય (દારૂ) પી શકતા નથી. અમારું હેબ્રી નિયમશાસ્ત્ર એની મના કરે છે. કૃપા કરી અમને સાદો ખોરાક અને પાણી આપો.
પરંતુ એ રાજાનો હુકમ છે.- અમે એની અવજ્ઞા કરી શકતા નથી. દાનીએલ તું મને ગમે છે. પરંતુ મારે મુશ્કેલી માં મૂકાવું નથી.
દસ દિવસ અમારી પારખ કરી જુઓ. અમને સાદો ખોરાક ખાવા દો પછી તમે પરિણામ જોજો.
કસોટી થાય છે. અને દસ દિવસને અંતે દાનીએલ તથા તેના મિત્રો વધારે બળવાન દેખાય છે એટલુંજ નહીં પરંતુ ખરેખર વધારે બળવાન છે.
ત્રણ વર્ષને અંતે યુવાનોને રાજાની આગળ લાવવામાં આવે છે. તે પ્રત્યેક સાથે વાત કરીને નિર્ણય કરે છે.
મેં આ ચાર - દાનીએલ, સાદ્રાખ, મેશાખ અને અબેદ-નગોને મારા સલાહકારો તરીકે પસંદ કર્યા છે.
રાજાધિરાજ, તેઓની સમોવડીઓ (બરોબરી કરનાર) કોઈ નથી.


દાનીએલ તથા તેના મિત્રો રાજાના દરબારના સભ્યો બને છે. પરંતુ એક દિવસ રાજા પાસે અસાધારણ મૂશ્કેલ સમસ્યા આવે છે. અને તે પોતાના પ્રાચિન (વયો વૃધ્ધ) અનુભવી સલાહકારોને જ બોલાવે છે.
મને એક પિચિત્ર સ્વપ્ન આવ્યું હતુ. પરંતુ હું તેને ભૂલી ગયો છુ મને કહો કે સ્વપ્ન શું હતું અને તેનો અર્થ શું છે?
રાજાધિરાજ, અમે સ્વપ્નનો અર્થ બતાવી શકીએ. પરંતુ તમને કયું સ્વપ્ન આવ્યુ એ કોઈ મનુષ્ય બતાવી શકે નહીં.
હું જે જાણવા માંગુ છું તે મને બતાવી શકતા ન હોય તો સલાહકારો શા કામના? આ માણસોને તથા મારા રાજ્યના સર્વ જ્ઞાનીઓને મારી નાખો!
રાજાના રક્ષકોના અધિકારીને પોતાનું અણગમતુ (નિર્દય) કાર્ય કરવાની ફરજ પડે છે.
દાનીએલ, તારી તથા તારા મિત્રોની ધરપકડ થશે – રાજાએ પોતાના સર્વ જ્ઞાનીઓનો નાશ કરવાની આજ્ઞા આપી છે.
મારી નાખવાની? શા માટે? અમે શું ખોટું કર્યું છે?
"દેવ..... મર્મોને જાહેર કરે છે."

# મૂર્તિ

દાનીએલ ૨: ૧૯-૪૮




ચાર કેદી યુવાનો પ્રાર્થના કરે છે. એ દરમિયાન દાનીએલને સંદર્શન થાય છે.
હે પ્રભુ, સંદર્શન જણાવવા માટે આભાર.
બીજે દિવસે—
તું વધારે સમય માગવા આવ્યો છે. – કે પછી મને મારું સ્વપ્ન જણાવશે?
સ્વર્ગમાંના દેવે તમારું સ્વપ્ન મને જાહેર કર્યું છે.
તમે એક મોટી મૂર્તિ જોઈ - તેનું માથું સોનાનું અને તેના પગ માટીના હતા. પછી તમે એક મોટી શીલા જોઈ. તેણે તેના પગ પર મારો ચલાવ્યો અને તેના ટુકડટુકડાં કરી નાખ્યા.
હા, હા! એ ખરું છે. હવે તેનો અર્થ શો?
રાજાધિરાજ, સોનાનું માથું આપ તથા આપનું રાજ્ય સૂચવે છે. ત્યાર પછી નાનાં રાજ્યો ઉભાં થશે. તેઓનું પતન થયા પછી દેવ એવું રાજ્ય સ્થાપન કરશે જેનો નાશ કદી નહીં થાય.
તમારો દેવ સર્વ દેવો કરતાં મહાન છે. જે સર્વ શાનીઓનો તેં આજે બચાવ કર્યો તેઓ કરતાં અધિક સ્થાને તું બાબેલ રાજ્યનો અધિપતિ થશે.


દાનીએલ પોતાના હેબ્રી મિત્રોને આ શુભ સંદેશ આપે છે.
રાજાએ મને બાબેલ પર આધિપતિ નિમ્યો છે. અને તમારામાંના પ્રત્યેકને રાજયમાં મહત્વની પદવી મળી છે.
એ આશ્ચર્યજનક છે.
પરંતું આ સમાચારથી રાજાના બીજા સલાહકારો નારાજ થાય છે.
રાજાએ આ હેબ્રી યુવાનને આપણા પર અધિપતિ નિમ્યો છે! આપણે એનું કાસળ કાઢવું જોઈએ.
હાલ જ નહીં — તે બહુજ સત્તાધારી છે! પરંતુ જો આપણે રાજાને દાનીએલના મિત્રોની વિરુધ્ધ કરી શકીએ. તો દાનીએલને મૂશ્કેલીમાં મૂકી શકીએ.
રાજા એક મોટી મૂર્તિ બનાવે છે. અને પોતાના અધિકારીઓને આજ્ઞા કરે છે કે મૂર્તિની પૂજા કરો - નહીંતો તમને અગ્નિની ભઠ્ઠીમાં નાખવામાં આવશે
રાજા જાણતો નથી કે હેબ્રીઓ કેવળ પોતાના દેવની ઉપાસના કરે છે.
દાનીએલ એટલું ઉચ્ચસ્થાન ધરાવે છે કે આપણે તેની વિરૂધ્ધ કંઈ હેવાલ ન આપી શકીએ — પરંતુ તેના મિત્રો એવું ઉચ્ચ સ્થાન ધરાવતા નથી.
આવતી કાલે મૂર્તિને પ્રણામ કરવાનું સુચન કરતુ રણશીંગડુ વાગશે. ત્યારે આપણે સાદ્રાખ, મેશાખ, અબેદનગોનું અવલોકન કરીશુ.
"દેવ... છોડાવવાને શક્તિમાન છે?"

# અગ્નિ પરિક્ષા

દાની. ૩:૧-૨૫.

"અમારો દેવ.... અમને બચાવવાને શક્તિમાન છે.....પરંતુ જો નહીં બચાવે... તો પણ અમે આપના દેવની ઉપાસના કરીશું નહીં." દાની. ૩:૧૭,૧૮




આતુરતાથી અદેખા સલાહકારો રાજાને ચાડી કરી દે છે.
હે રાજા, આપણા ત્રણ હેબ્રી અધિકારીઓ આપની અદબ રાખતા નથી. તેઓ આપની મૂર્તિની પૂજા કરવા ના પાડે છે.
હં! તેઓને એકદમ મારી પાસે લાવો!
મૂર્તિની પૂજા કરો- નહીંતો તમને અગ્નિની ભઠ્ઠીમાં નાખવામાં આવશે. અને મને કહો એનાથી બચાવે એવો દેવ કોણ છે?
જો અમને અગ્નિમાં નાખવામાં આવે. તો જે દેવની ઉપાસના અમે કરીએ છીએ તે અમને છોડાવવાને શક્તિમાન છે. પરંતુ અમારે મરવું પડે તો પણ મૂર્તિની પૂજા કરીશું નહીં
ભઠ્ઠીને દરરોજ ગરમ કરવામાં આવતી એથી સાતગણી ગરમ કરો. અને તેઓને એમાં નાખો.
ત્રણ હેબ્રીઓને તરત જ ભસ્મ કરતી આગમાં નાખવામાં આવે છે.


પરંતુ રાજા અગ્નિની ભઠ્ઠીમાં જુએ છે ત્યારે......
તેઓ જીવતા છે! તેઓને અગ્નિની ઝાળ પણ લાગી નથી! અને શું આપણે ત્રણને અગ્નિમાં નહોતા નાખ્યા?
હે રાજા! આપણે ત્રણેને નાખ્યા હતા.
પરંતુ હું ચારને જોઉં છું. ચોથાનું સ્વરૂપ દેવપુત્રના જેવું છે.
શાદ્રાખ! મેશાખ! અબેદનગો! બહાર આવો!
"બીજો કોઈ દેવ છોડાવી શકતો નથી."

# રાજાનો ઘમંડ

દાનીએલ ૩: ૨૯ — ૫:૬






જે વૃક્ષ સ્વપ્નમાં આપે જોયું તે આપ પોતેજ છો.– હે રાજા આપ પોતેજ- સત્તાધારી. મજબૂત. ગર્વિષ્ઠ. આપે જોયું કે વૃક્ષને કાપી નાખવામાં આવ્યું. એનો અર્થ એ છે કે જો આપ પોતા કરતાં દેવને અધિક માન નહીં આપો તો રાજા તરીકેનો આપનો અધિકાર જતો રહેશે.
દાનીએલના વચનથી રાજા ભયભીત થાય છે.. પરંતુ સમય જતાં તે ભૂલી જાય છે. એક દિવસ પોતાના મહેલની અગાશીમાં ફરતા......
જે મહાન નગર મેં બંધાવ્યું છે. તે જુઓ! મારા ગયા પછી દીર્ઘકાળ સુધી તે મારા પરાક્રમ તથા સત્તાનું સ્મારક થઈ રહેશે!
ગર્વિષ્ઠ શબ્દો બોલતાજ, દાનીએલની ચેતવણી સાચી પડે છે. રાજાનું દિમાગ બગડી જાય છે.– સાત વર્ષ સુધી તે ખેતરમાંના પશુની જેમ જીવે છે. ત્યારબાદ રાજા ને ભાન થાય છે. કે મેં દેવને માન આપ્યું નથી. તેથી મને શિક્ષા થાય છે.
હે પરાત્પર દેવ, હું તારી સ્તુતિ કરૂં છું તથા માન આપું છું. તારૂં રાજ્ય મહાન તથા સનાતન છે. તારૂં કાર્ય સત્ય તથા ન્યાય છે.


તરતજ નબુખાદનેસ્સારની સમજશક્તિ તેનામાં પાછી આવે છે. તે પુનઃ રાજ્યાસન પર આવે છે. અને દાનીએલને પોતાના સલાહકાર તરીકે રાખતાં ડહાપણથી રાજ્ય ચલાવે છે. પરંતુ તેના મરણ પછી તેના પછીના રાજાઓ દાનીએલને ગણકારતા નથી. તેમાંનો એક, બેલ્શાસ્સાર, પોતાના જ્ઞાન પર એટલો આધાર રાખે છે કે...
તે પોતાના રાજ્ય વિરૂદ્ધની બે ધમકીઓને હસી કાઢે છે... ગુસ્સે થયેલા યાજકો જે તેની વિરૂદ્ધ થાય છે, તથા પરાક્રમી માદીઓના સૈન્યનો ધસારો. એથી ઉલ્ટું, તે એક મોટી મિજબાની કરે છે. અને તેમા એક હજાર (1000) અતિથિઓને આમંત્રે છે.
મિજબાનીની લહેજત આવી છે. એટલામાંજ એકાએક બેલ્શાસ્સાર ભોજનગૃહની દીવાલ સામે જુએ છે - તેના હોશ ઉડી જાય છે - તેના હાથ ધ્રુજવા લાગે છે.
દિવાલ પર જુઓ! એ શું છે? એનો શો અર્થ છે?
ત્રાજવામાં તોળાએલા

# દીવાલ ઉપરનો લેખ

“તે (દેવ) પોતાની ઈચ્છા પ્રમાણે
કરે છે, કોઈ તેનો હાથ
અટકાવી શક્તો નથી,
અથવા તું શું કરે છે,
એવું કોઈ તેને કહી
શક્તો નથી.”
(દાની. ૪:૩૫).

દાનીએલ ૫:૭ – ૬:૧૪




ભયભીત થઇને બેલ્શાસ્સાર પોતાના સલાહ-કારોને આ શબ્દોનો અર્થ બતાવવા કહે છે, પરંતુ તેઓ બતાવી શકતા નથી. રાજમાતા આ વિષે જાણતા પોતાના પુત્ર પાસે દોડી આવે છે.
મારા દિકરા, તારા રાજ્યમાં દાનીએલ નામનો માણસ છે જે સ્વપ્નોના અર્થ બતાવી શકે છે. તેને બોલાવો
દાનીએલ! હા! હા! તેને તરતજ ક્યાં લાવો.
દાનીએલને રાજા આગળ લાવવામાં આવે છે.
આ શબ્દોનો અર્થ મને બતાવ, અને બાબેલના રાજ્યમાંના કેવળ મારા કરતાં ઉતરતો બીજા દરજ્જાનો અધિકારી થઈશ.
રાજન, એ પરમેશ્વર તરફથી ચેતવણી છે. તમે દેવને મહિમા આપ્યો નથી. તમે કમતી માલમ પડ્યા છો. આપનું રાજ્ય માદીઓને આપવામાં આવશે
આ સાંકળી બતાવે છે કે તું કેવળ મારા કરતા ઉતરતા રાજ્યનો અધિપતિ છે. ઢંઢેરો પીટાવો.
રાજા બોલે છે એટલામાંજ માદી સૈનિકો ઓરડામાં આવી પહોંચે છે,..... અને રાજાને પકડી જાય છે.
સૈનિકો? તેઓ ક્યાંથી આવ્યા? મારા રક્ષકો ક્યાં છે?


પ્રાંતઃકાળ થતાં પહેલાં શહેર દુશ્મનોના હાથમાં જાય છે બેલ્શાસ્સાર માર્યો જાય છે. દાનીએલને માદીઓના સેનાપતિ દાર્યાવેશ પાસે લાવવામાં આવે છે દાર્યાવેશ દાનીએલના અગ્રેસર તરીકેના ગુણોને માન્ય કરે છે.
જ્યાં સુધી તું મને આધિન થશે ત્યાં સુધી તું મારા ઉમરાવો પર અધિકાર ચલાવશે.
દાનીએલ દાર્યાવેશની નજરમાં શાની માલુમ પડે છે. અને રાજા ઘણી વાત માં તેની સલાહ પૂછે છે.
દાર્યાવેશે દાનીએલને આપણ સર્વ પર અધિકારી નિમ્યો છે.
આપણે તેનું કાસળ કાઢવું જોઈએ- એ કાર્ય કેવી રીતે કરવું એ હું જાણું છું
હે રાજા, આપના ઉમરાવો જેઓ આપને માન આપે છે તેઓ આપને વિનંતી કરે છે કે તમે આ કાયદા ઉપર સહી કરો કે દરેક આપને માન આપે ત્રીસ દિવસ સુધી આપ સિવાય બીજા કોઈ દેવ અથવા મનુષ્યની આરાધના કરવાની આ કાયદો મના કરે છે.
જો તમારે એવો કાયદો જોઈતો હોય તો હું તે પર સહી કરીશ.


દાર્યાવેશ કાયદા પર સહી કરે છે કાયદાની જાહેરાત થયા પછી અદેખા ઉમરાવો દાનીએલની બારીનું દર્શન કરવા શેરીમાં દોડી જાય છે.
જુઓ આપણે આશા રાખતા હતા તેમજ દાનીએલ પોતાના દેવની પ્રાર્થના કરે છે.
સારૂં. આપણે દાર્યાવેશ રાજાને વાત કરીએ.
રાજન, શું આપે એવા કાયદા પર સહી કરી નથી કે જે આપના સિવાય બીજા કોઈની આરાધના કરશે તેને સિંહોના બીલમાં નાખવામાં આવશે?
મેં સહી કરી છે. માદીઓના કાયદા બદલાતા નથી.
દાનીએલે આપની આજ્ઞા ઉથાપી છે. એક બારીની સામે, જ્યાં બધા જોઈ શકે એવી રીતે તે દિવસમાં ત્રણ વાર પોતાના દેવની પ્રાર્થના કરે છે.
દાનીએલ, મારો મિત્ર!
હવે મને સમજાય છે દાનીએલને મૃત્યુદંડ દેવા મારા ઉમરાવોએ મારો ઉપયોગ કર્યો છે.
"તારો દેવ..... તને બચાવશે."

# સિંહની ગુફા

દાનીએલ ૬ : ૧૬–૨૮

અદેખા ઉમરાવાએ યુક્તિ કરીને દાર્યાવેશ રાજા પાસે એવા કાયદા પર સહી કરાવી છે. જેથી દાનીએલને મૃત્યુ દંડ દેવાય.




થોડી પળો પછી દાનીએલ, જેણે પોતાના દેવની પ્રાર્થના કરીને રાજાનો કાયદો તોડ્યો છે. તેને સિંહોના બોલમાં નાખવામાં આવે છે.




બીલ પર પથ્થર મૂકી મુદ્રા કરો કે જેથી સર્વ લોકો જાણે કે હું મારા કાયદાનું પાલન કરાવું છું.
જો મારા મિત્રને બચાવવા એક કાયદો હું બદલી શકું તો કેવું સારું!
તે રાત્રે રાજા ખાઈ કે ઊંઘી શકતો નથી. દાનીએલનો વિચાર કરતાં તે પોતાના શયનગૃહ માં ફર્યા કરે છે.
પ્રાતઃકાળે તે સિંહોના બીલમાં ધસી જાય છે.
તે પથ્થરને ખસેડી લો.
દાનીએલ! દાનીએલ! શું તારા દેવે તારી રક્ષા કરી?




Printed by M. E. Eapen, at GLS Press, Bombay 75, and
Published by F.C. Durham, for Gospel Literature Service
Queens Mansions, Bastion Road, Bombay 1.

## દાનીએલના જીવનમાંથી કેટલાક પાઠ

દાનીએલ યહુદી ઉમરાવ વંશનો યુવાન ઉમરાવ હતો. તેને યરૂશાલેમને જીતનાર નબુખાદનેસ્સાર બાબેલમાં બંદીવાન કરીને લઈ ગયો હતો.

ઘણે દૂર, પરદેશમાં, અજાણ્યા લોકો મધ્યે, ખાસ કરીને જ્યારે તેની તથા તેના મિત્રોની મહત્વના હોદ્દા ધારણ કરવા તાલીમ પામવા રાજા તરફથી પસંદગી થઈ હતી ત્યારે દેશના રહેવાસીઓની જેમ જીવવું તેમને સરળ પડત.

તોપણ, દાનીએલે પોતાના મનમાં ઠરાવ કર્યો કે, ઈશ્વરના કાયદાથી વિરૂદ્ધ, મૂર્તિઓને અપાએલો ખોરાક, અશુદ્ધ પ્રાણીઓ તથા અશુદ્ધ પક્ષિઓનું માંસ ખાઈને પોતાની જાતને નહીં વટાળે, વળી તે મદ્ય પણ નહીં પીવે. ગમે તે ભોગે ઈશ્વરની ઈચ્છા પૂર્ણ કરવાના ઠરાવે દાનીએલને ઘણા પરિક્ષણની સામે દ્રઢ અને શુદ્ધ રાખ્યો.

તેણે તથા તેના મિત્રોએ એ પણ ઠરાવ કર્યો કે અમે મૂર્તિઓને નહીં નમીએ, અથવા જુદા દેવોની ઉપાસના નહીં કરીએ. વાર્તા બતાવે છે તે પ્રમાણે આ નિર્ણયથી તેમના જીવ ગયા હોત. પરંતુ દેવે તેમના વિશ્વાસને માન આપ્યું અને તેમને છોડાવ્યા. દેવે કહ્યું છે. "જેઓ મને માન આપે છે તેઓને હું પણ માન આપીશ. અને જેઓ મને તુચ્છ ગણે છે તેઓ હલકા ગણાશે". ૧ શમુ. ૨ : ૩૦

આ વાર્તા એમ પણ બતાવે છે કે દેવ સર્વોપરિ છે. એમ જણાય છે માણસ લડીને જીતવાની શક્તિ ધરાવે છે, પરંતુ દેવ એકને નીચે પાડીને બીજાને સત્તા પર લાવે છે. કોઈ તેના હાથને અટકાવી શકતું નથી, અથવા તેના કાર્યને પડકારી શકતું નથી. તે ગર્વિષ્ઠને નીચે પાડીને દીનને ઉંચે ચઢાવી શકે છે. તેના કાર્યો સત્ય, તેના માર્ગો ન્યાયી છે, તે જીવતો દેવ, મર્મોને સમજાવનાર, સ્વર્ગનો રાજા છે. તેનું રાજ્ય સનાતન છે, અને તેનો રાજ્યાધિકાર યુગાનુયુગ છે. જે દેવનો ભય રાખીને પોતાના બધા માર્ગોમાં તેની આણ સ્વીકારવા માગે છે, તે જ્ઞાની છે.

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

*This book is available in*

English, Hindi, Marathi,
Tamil, Telugu and Kannada.

*Please write to*

**GOSPEL LITERATURE SERVICE**

P. O. BOX 65, BOMBAY 1.

